RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 283, Dt.18-01-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોકસભાની ચૂંટણીની જાહેરાત માર્ચમાં થાય તેવી સંભાવના




## રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ બાદ દેશમાં ચૂંટણીનું વાતાવરણ જામશેઃ ચૂંટણીપંચ કાર્યક્રમ તૈયાર કરવામાં વ્યસ્તઃ સમગ્ર દેશમાં ૬ કે ૭ તબકકામાં ચૂંટણી યોજાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં હાલ અયોધ્યામાં ભગવાન શ્રીરામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પુર્વ તૈયારીએ હવે અંતિમ તબકકામાં છે અને જાન્યુ. માસ પુરો દેશભરમાં રામલહેર છવાઈ જશે. પરંતુ તે બાદ તુર્ત જ લોકસભા ચુંટણી માટેની તૈયારીઓ પણ થઈ જશે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ દેશમાં લોકસભાની ચૂંટણી માર્ચના પ્રથમ અથવા બીજા સપ્તાહમાં જાહેર થઈ શકે છે અને દેશભરમાં છ થી સાત તબકકામાં આ ચુંટણીઓ પણ યોજાશે.

ગુજરાતની તમામ ૨૬ બેઠકો માટેની પેટાચુંટણી એપ્રિલના ત્રીજા અથવા ચોથા સપ્તાહમાં એક જ તબકકામાં યોજાઈ તેવી શકયતા છે અને મોટા રાજયો ઉતરપ્રદેશ, બંગાળ, બિહાર, મહારાષ્ટ્રમાં બે કે વધુ તબકકામાં ચુંટણીઓ યોજાશે. ૨૦૧૯માં ૧૦ માર્ચે ચુંટણીની જાહેરાત થઈ હતી તે સંભાવના આ વર્ષે પણ યથાવત રહે તેવી ધારણા છે અને રામ પ્રાણ પ્રતિષ્ઠા પુરુ થતા જ ચુંટણીનો માહોલ સર્જાઈ જશે તે નિશ્ચિત છે.

ભારતીય જનતા પક્ષે ચુંટણી માટેની તેની સંગઠનાત્મક તૈયારીઓ પુરુ કરી લીધી છે અને બીજા તબકકામાં તે આગળ વધી રહી છે. ભાજપ ચુંટણીની જાહેરાત પુર્વે જ અનેક બેઠકો પર તેના ઉમેદવારો જાહેર કરી શકે છે. જયારે આ ચુંટણીની સાથે જ ગુજરાત સહિતના રાજયોમાં ધારાસભ્યોની ખાલી બેઠકો માટેની ચુંટણીઓ પણ યોજાઈ શકે છે અને આ વર્ષના બીજા તબકકામાં જે રાજયોમાં ચુંટણી યોજાવાની છે તે રાજયોમાં પણ વહેલી ચુંટણી યોજીને લોકસભા સાથે જ ધારાસભા ચુંટણીઓ યોજાઈ તેવી શકયતા છે.

## બદલે કી આગ હેઠળ પાકિસ્તાને ઈરાન પર કર્યો વળતો પ્રહારઃ ઈરાનમાં આતંકવાદી સંગઠન બીએલએના ઠેકાણા ધ્વંશ કર્યાનો દાવો

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

ઈરાને બુધવારે પાકિસ્તાનમાં આતંકી ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યાના એક દિવસ બાદ પાકિસ્તાને પણ જવાબી કાર્યવાહી કરવાનો દાવો કર્યો છે. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર, પાકિસ્તાને ઈરાનમાં ઘણા આતંકવાદી અડ્ડાઓ પર હુમલો કરીને તેને નષ્ટ કરી નાખ્યું છે. જો કે હુમલાના સમય અને સ્થળ અંગે હજુ સુધી કોઈ નક્કર માહિતી નથી.

આતંકવાદી ટાર્ગેટ પર મિસાઈલ છોડવામાં આવી હતી. ટ્રેનિંગ ન્યૂઝ પાકિસ્તાની મીડિયા અનુસાર, આ હુમલા ઈરાનમાં આતંકી સંગઠન બીએલએના ઠેકાણાઓને નિશાન બનાવીને કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે ઈરાન કે પાકિસ્તાન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.



આતંકીઓના ટાર્ગેટ પર ઈરાની એર સ્ટ્રાઈકથી પાકિસ્તાન સ્તબ્ધ થઈ ગયું. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં આતંકી સંગઠન જૈશ અલ-અદલના આતંકી ટાર્ગેટ પર ઈરાન દ્વારા કરવામાં આવેલા એર સ્ટ્રાઈકથી પાકિસ્તાન સ્તબ્ધ થઈ ગયું. કડક ચેતવણી આપતાં તેમણે કહ્યું કે, ઈરાનને આ હુમલાના ગંભીર પરિણામો ભોગવવા પડશે. પાકિસ્તાને બુધવારે આ હુમલાની નિંદા કરતા કહ્યું કે તે દેશની સાર્વભૌમતૃનું ઉલ્લંઘન છે. આવા પગલાં ગંભીર પરિણામો લાવી શકે છે. પાકિસ્તાને કહ્યુ કે બંને દેશો વચ્ચે સારા સંબંધો છે અને વાતચીતના ઘણા વિકલ્પો છે, પરંતુ ઈરાન દ્વારા કોઈપણ માહિતી વિના સીધો હુમલો ઉશ્કેરણીજનક પગલું છે. અમે ઈરાન સરકાર સાથે આ મુદ્દે ચર્ચા કરી છે અને અમારું મંતવ્ય સ્પષ્ટ કર્યું છે. ઈરાન દ્વારા ઈરાક અને સીરિયામાં આવા જ હુમલા કર્યાના એક દિવસ બાદ પાકિસ્તાનમાં આ હુમલો થયો છે. ઈરાનની કાર્યવાહી બાદ પાકિસ્તાને તેહરાન ખાતેના પોતાના રાજદૂતને પરત બોલાવી લીધા છે.

હુમલાઓથી ચિંતિત પાકિસ્તાને ઈરાની રાજદૂતને બોલાવ્યા અને ઈરાની રાજદૂતને તાત્કાલિક બોલાવીને સખત વિરોધ વ્મંત્રાલયે એક નિવેદન જારી કરીને ઈરાનની કાર્યવાહીને તેના એરસ્પેસનું ઉશ્કેરણી વિનાનું ઉલ્લંઘન ગણાવ્યું છે.

પાકિસ્તાનનું આતંકવાદી સંગઠન ઈરાન માટે સમસ્યા છે.પાકિસ્તાનનું આતંકવાદી સંગઠન જૈશ અલ-અદલ ઈરાનમાં ઘૂસીને અનેક વખત મોટા ગુનાઓને અંજામ આપી રહ્યું છે. જો કે, સેના અને સુરક્ષા દળો તેના નિશાને વધુ રહ્યા છે. ઈરાને આ ઘટનાઓમાં પાકિસ્તાનના આ આતંકવાદી સંગઠનની સંડોવણીની પુષ્ટિ કરી છે અને પાકિસ્તાનને આ સંગઠન પર અંકુશ રાખવાની ચેતવણી પણ આપી છે. પાકિસ્તાનની ૯૫ ટકા વસ્તી સુન્ની છે, તેથી તેની સાથે સંકળાયેલા ઘણા સંગઠનો શિયા પ્રભુત્વ ધરાવતા ઈરાનનો વિરોધ કરે છે.મંગળવારે મોડી રાત્રે ઈરાને પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં આતંકવાદી સંગઠન જૈશ અલ-અદલના ઠેકાણાઓ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. આ હુમલામાં બે બાળકોના મોત થયા હતા અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા. આ હુમલાથી પાકિસ્તાન ચોંકી ઉઠ્યું છે. જૈશ અલ-અદલ એક સુન્ની આતંકવાદી જૂથ છે જે મુખ્યત્વે પાકિસ્તાનમાંથી તેની પ્રવૃત્તિઓ કરે છે. પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે કહ્યું કે તે તેની સાર્વભૌમતૂના ઉલ્લંઘનનો સખત વિરોધ કરે છે. આ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. ઈરાની મીડિયા અનુસાર, પાકિસ્તાનના જે વિસ્તાર પર હુમલો કરવામાં આવ્યો હતો તે ગ્રીન માઉન્ટેન તરીકે ઓળખાય છે. હાલમાં આ મામલે પાકિસ્તાની સેના તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

## ચેન્નાઈમાં વિમાન ટેક ઓફ કરે તે પહેલાં જ રન-વે પર ટાયર ફાટયું

### ૧૩૦ યાત્રિકોનો બચાવઃ કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નહીં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સદભાગ્યે તમિલનાડુના ચેન્નઈમાં એક મોટી વિમાન દુર્ઘટના સર્જાતા રહી ગઇ. એક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું ટેક ઓફ કરે તે પહેલાં જ રન વે પર ટાયર ફાટી ગયું હતું જેના લીધે ૧૩૦થી વધુ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.



જોકે સદભાગ્યે ટાયર ફાટ્યા બાદ કોઈ દુર્ઘટના સર્જાઈ નહોતી. તમામ યાત્રીઓ સુરક્ષિત હોવાનું જણાવાઈ રહ્યું છે અને તેમને વિમાનમાંથી ઉતારવામાં આવી રહ્યા છે. એરપોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ આ વાતની માહિતી આપતાં કહ્યું કે વિમાનનું પાછળનું ટાયર તે સમય ફાટ્યું હતું જ્યારે તે મલેશિયાની રાજધાની માટે ઉડાન ભરી રહ્યું હતું.

આ ઘટના બાદ તમામ મુસાફરો અટવાઈ ગયા હતા અને તેમને શહેરની નજીકની હોટેલમાં રોકાણ અપાયું હતું. અધિકારીઓએ કહ્યું કે આશા છે કે આ ફલાઈટ ફરી આગળની યાત્રા શુક્રવારે શરૂ કરશે. જોકે એ પણ સારી વાત રહી હતી કે આ ઘટનાને કારણે ફ્લાઈટોનું સંચાલન ખોરવાયું નહોતું.

## ૧૪ થી ૧૮ વર્ષના ૨૫ ટકા વિદ્યાર્થીઓ ધો.૨નું પુસ્તક વાંચવામાં પણ નબળા

### એએસઈઆર-૨૦૨૩ના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસોઃ સોશિયલ મિડિયાનો આ યુગ યુવા પેઢીને નબળો બનાવી રહ્યો છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોશિયલ મીડિયાનો આ યુગ ભારતની યુવા પેઢીને અભ્યાસમાં નબળા બનાવી રહ્યો છે. એન્યુઅલ સ્ટેટ્સ ઓફ એજ્યુકેશન રિપોર્ટના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો હતો. Annual Status ના અપડેટેડ રિપોર્ટમાં જાણ થઇ કે ૧૪ થી ૧૮ વર્ષની વયના એક ચતૃર્થાંસ વિદ્યાર્થીઓ તેમની પ્રાદેશિક ભાષાઓમાં ધોરણ ૨ના લેવલના પુસ્તકો પણ સારી રીતે વાંચી નથી શકતા.

આ રિપોર્ટમાં એ વાતનો પણ ખુલાસો થયો કે ૫૬% યુવા એવા છે જેઓ અંગ્રેજીમાં વાક્યો પણ વાંચી નથી શકતા. શિક્ષણ રિપોર્ટ અજ્ઊછ૨૦૨૩ ગઇકાલે જારી કરાયો હતો. આ એક રાષ્ટ્રીય સ્તરનો સરવે જે ગ્રામીણ ભારતમાં બાળકોના સ્કૂલના અભ્યાસ અને



શીખવાની સ્થિતિ અંગે તારણ રજૂ કરે છે. ASER 2023 બિયોન્ડ બેઝિક્સ સરવે ૨૬ રાજ્યોના ૨૮ જિલ્લામાં હાથ ધરાયો હતો જેમાં ૧૪-૧૮ વર્ષની વયજૂથના કુલ ૩૪૭૪૫ યુવાઓને આવરી લેવાયા હતા.

રિપોર્ટમાં જાણ થઇ કે ગ્રામીણ ક્ષેત્રોમાં પણ સ્માર્ટફોનનો વધતો જતો ઉપયોગ એક મોટો પડકાર બની રહ્યો છે અને તેની ગંભીર આડઅસર વિદ્યાર્થીઓ પર જોવા મળી રહી છે. સરવેમાં સામેલ લગભગ ૯૫ ટકા ઘરોમાં સ્માર્ટફોન હતા અને લગભગ ૯૫ ટકા પુરુષ અને ૯૦ ટકા મહીલાઓ તેનો ઉપયોગ કરતી હતી. સ્માર્ટફોનનો ઉપયોગ મનોરંજનમાં વધુ અને અભ્યાસ માટે ઓછો થઈ રહ્યો છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ ડિજિટલ એજ્યુકેશનને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે ત્યારે રિપોર્ટમાં યુવાઓના મગજ પર સોશિયલ મીડિયા પર સ્માર્ટફોનની વધુ ઈફેક્ટ જોવા મળી હતી. ૧૪ થી ૧૮ વર્ષના ૯૧% વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. રિપોર્ટની માનીએ તો ૧૪થી ૧૮ વર્ષની વયના કુલ કિશોરો પૈકી ૮૬.૮ ટકા યુવાનોએ શૈક્ષણિક સંસ્થાનોમાં એડમિશન લીધા છે. જોકે એડમિશન લેનારા ૮૬.૮ ટકા કિશોરો પૈકી ૨૫ ટકા વિદ્યાર્થીઓ એવા હતા જેઓ ધોરણ ૨ના પાઠ્યપુસ્તક વાંચી જ નહોતા શકતા.

## મુંબઈ એરપોર્ટમાં રન-વે પર અડીંગો જમાવી ભોજન કર્યાના ચોંકાવનારા રિપોર્ટ બાદ ઈન્ડિગો એરલાઈનને ૧.૨૦ કરોડનો દંડ ફટકારાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિમાની ફ્લાઈટ ૧૨-૧૨ કલાક મોડી થવાથી સંયમ ગુમાવનારા ઈન્ડિગો એરલાઈન્સના પ્રવાસીઓએ મુંબઈ એરપોર્ટના રન-વે પર જ અડીંગો જમાવીને ભોજન કર્યાના ચોંકાવનારા રિપોર્ટની ગંભીર નોંધ લઈને ડીરેકટોરેટ ઓફ સીવીલ એવીએશને એરલાઈન્સને ૧.૨૦ કરોડનો દંડ ફટકાર્યો છે. ઉપરાંત મુંબઈ એરપોર્ટને પણ ૬૦ લાખનો દંડ કરાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રવિવારે





ગોવા-દિલ્હીની ફ્લાઈટ મુંબઈ ડાઈવર્ટ કરવામાં આવી હતી. મુંબઈમાં પ્રવાસીઓ વિમાનની બહાર નીકળતાની સાથે જ એરપોર્ટના રનવે પર બેસી ગયા હતા અને કેટલાંક ભોજન પણ કરવા લાગ્યા હતા.

આ ઘટનાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાઈરલ થયો હતો જે પછી એરલાઈન્સને શોકોઝ નોટીસ ફટકારાયા બાદ હવે દંડ કરાયો છે. પ્રવાસીઓને યોગ્ય સુવિધા આપવામાં એરલાઈન્સ નિષ્ફળ ગયાનું તારણ અપાયુ છે. આ ઉપરાંત વિમાની સેવામાં ખામી બદલ એરઈન્ડિયા તથા સ્પાઈસ જેટને પણ ૩૦-૩૦ લાખનો દંડ કરાયો છે.

# શહેરના સામાકાંઠે સંતકબીર રોડ પર તસ્કરોનો તરખાટ

## ઈમીટેશન બજારમાં આવેલી ત્રણ દુકાનોમાંથી અંદાજે દસ લાખની ચોરીઃ પોલીસ અધિકારીઓ દોડી ગયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**


શહેરના સામાકાંઠે આવેલા સંતકબીર રોડ પર ઈમીટેશન માર્કેટના બિલ્ડીંગની ત્રણ દુકાનોમાં તસ્કરોએ પરોણા કરી ગત રાત્રીના રૂ.૧૦ લાખ થી વધુ ચોરી કરી જતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ સંતકબીર રોડ પર આવેલી ઈમીટેશન માર્કેટમાં ડેનીસ સેલ્સ તથા મીતલ સેલ્સ તથા ગણપતી સેલ્સ નામની ત્રણ દુકાનોમાં તસ્કરો ત્રાટકીયા હતા.

જેમાં ડેનીશ સેલ્સમાંથી રૂ.૭ લાખ, મીતલ સેલ્સમાંથી રૂ.૧.૫૦લાખ, ગણપતી સેલ્સ રૂ.૧ લાખની તસ્કરો ચોરી કરી ગયા હોવાની જાણ બી ડિવીઝન પોલીસ માં કરવામાં આવતા પીઆઈ આર.જી.બારોટ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ બનાવની જાણ ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવતા ડીસીપી ઝોન ૧ સજ્જનસિંહ પરમાર તથા ડિસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, ક્રાઈબ્રાંચના એસીપી બી.બી.બસીયા સહિતના અધિકારીઓ દોડી ગયા હતા. પોલીસે ડોગ સ્કોડ તથા ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ તસ્કરોનું પગેરૂ મેળવવા ક્વાયત હાથ ધરવામાં આવી છે.

# તમાચણ ગામના સીમ વિસ્તારમાંથી દારૂની ૩૨૨ બોટલ દારૂ સાથે એક શખ્સ ઝડપાયો


**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર તાલુકાના તમાચણ ગામની સીમ વિસ્તારમાં સ્થાનિક ગુન્હા શોધક શાખાએ દરોડો પાડી રૂા. એક લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સની અટકાયત કરી હતી.આ બનાવની પોલીસ સુત્રોએ જાહેર કરેલી વિગતો મુજબ તમાચણ ગામની સીમમાં રેલવે ફાટકની બાજુમાં લખમણ ઉર્ફે લખન પરબતભાઈ ચાવડીયાએ ભાગમાં રાખેલ વાડીમાં અરજણ એભાભાઈ ભારવાડીયા (રહે. ગોકુલનગર, જામનગર) વાળો શખ્સ સ્વીફ્ટ કાર નં. જીજે-૦૩-એફ.કે. ૮૩૬૮ માં વિદેશી દારૂનો જથ્થો વાડીમાં ઉતારે છે, તેવી હકિકતના આધારે દરોડો પાડતાં કારમાંથી રોયલ ચેલેન્જર ફાઈનલ રિઝર્વ વ્હીસકીની ૫૮ બોટલ, મેકડોવેલ્સ નં. ૧ વ્હીસ્કીની ૧૨૦ બોટલ, ગોલ્ડન ટાઈગર પ્યોરગ્રીન વ્હીસ્કીની ૪૮ બોટલ, રોયલ ચેલેન્જરની ૯૬ બોટલ અને મોબાઈલ ફોન તેમજ દારૂના જથ્થાની હેરાફેરીમાં.ઉપયોગમાં લીધેલી સ્વીફ્ટ કાર સહિત રૂા. પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.જયારે દારૂનો જથ્થો આપનાર નાઘેડીના શખ્સ રામ ઉર્ફે રામકો જીવાભાઈ મોઢવાડીયાનું નામ ખૂલતાં તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# જામનગરના હીરજી મિસ્ત્રી રોડ પર આવેલી પંજાબ નેશનલ બેંકમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં હીરજી મિસ્ત્રી રોડ પર આવેલી શંકર ટેકરી ઉદ્યોગ નગર ખાતે આવેલી પંજાબ નેશનલ બેંકમાંથી રાત્રે બેંકના શટરના તાળા તૂટ્યા હતા. ત્યારે જે શખસે તાળા તોડ્યા હતા તે ચોરી કરવામાં નિષ્ફળ ગયો હતો. બેંકના કર્મચારી ચોરીની જાણ થઈ હતી. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી અને પોલીસ દ્વારા આરોપીને અલગ અલગ દિશામાં તેમજ સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. બેંકમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ કરનાર શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે.આ બનાવની મળતી માહિતી મુજબ જામનગર શહેરમાં આવેલ હિરજી મિસ્ત્રી રોડ પર આવેલી પંજાબ નેશનલ બેંકની શંકર ટેકરી શાખામાં અજાણ્યા તસ્કરો બેંકના શટર ના તાળા તોડી ત્રાટક્યા હતા અને તસ્કરોએ બેંકમાં પ્રવેશ કર્યો હતો. ત્યારે તસ્કરે બેંકની સ્ટ્રોંગ રૂમની દિવાલ તોડવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો જ્યારે તે પ્રયાસ નિષ્ફળ ગયો હતો તેમ જ તસ્કરો દ્વારા ચોરી માટે કરાયેલા તમામ પ્રયાસો નિષ્ફળ જતા તસ્કર બેંકમાંથી પરત ફર્યો હતો. ત્યારબાદ સોમવારે સવારે બેંક કર્મચારી નીતુ સીતારામ શાહનેજાણ થતા તેમને સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારબાદ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી અને સીસીટીવી ફૂટેજ ચેક કરી ચોરીનો પ્રયાસ કરનાર તસ્કરોના ફૂટેજના આધારે પોલીસે તસ્કરને દબોચી લીધો અને તેની પાસેથી ચોરીમાં વપરાયેલો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં ખોવાયેલ મોબાઈલ ફોન મુળ માલિક સુધી પહોંચાડવા મદદરૂપ થતા સ્ટુડન્ટ પોલીસ કેડેટ

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબી જીલ્લામાં દરેક પોલીસ સ્ટેશનમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સ્ટુડન્ટ પોલીસ કેડેટ'' પ્રોગ્રામ અંતર્ગત વિધાર્થીઓને કાયદાનું સ્વેચ્છાએ પાલન કરે, કાયદાને આદર આપે યુવા પેઢીનું આદર્શ ઘડતર થાય અને તેઓમાં આદર્શ નાગરીક ભાવના પેદા કરવાના હેતુથી કાર્યરત હોય જેમાં જે તે પોલીસ સ્ટેશનમાંથી પોલીસ કર્મચારીઓ તાલીમ આપવા માટે ફાળવવામાં આવે છે.

ઉપરોક્ત પ્રોજેકટ અંતર્ગત મોરબી સીટી બી ડીવી પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રામકૃષ્ણ પ્રાથમિક શાળા તેમજ જ્ઞાનજ્યોત વિધાલયમાં વિધાર્થીઓને તાલીમ આપવાનું ચાલુમાં છે. જેમા સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ લઇ રહેલા જ્ઞાનજયોત વિધાલયના એસ.પી.સી. રાહુલભાઇ વિજયભાઇ સોલંકીને ગત તા.૧૩ જાન્યુ.૨૦૨૪ ના રોજ નવલખી રોડ ઉપરથી એક મોબાઇલ ફોન મળી આવતા તેણે તેમને તાલીમ આપતા બી ડીવી પો.સ્ટે.ના ડ્રિલ ઇન્સ્ટ્રકટર તુષારભાઇ કણઝરીયા તથા કાજલબેન કટકીયાજાદવને જાણ કરી મોરબી સીટી બી ડીવી પોલીસ સ્ટેશને ફોન જમા કરાવેલ જે મોબાઇલ ફોનના માલિકની ખરાઇ કરી બી ડીવી પોલીસ દ્વારા મો.ફોનના મુળ માલિક હેમુભાઇ ભવાનભાઇ ચાવડા કોળી ઉવ.૩૮ રહે.નવા જાંબુડીયા શક્તિપરા તા.જી.મોરબી વાળાઓને સોંપી આપવામાં આવેલ.

વધુમાં મોરબી સીટી બી ડીવી પોલીસના ડ્રિલ ઇન્સ્ટ્રકટર તુષારભાઇ કણઝરીયા તથા કાજલબેન કટકીયાજાદવની યોગ્ય તાલીમ દ્વારા સ્ટુડન્ટ પોલીસ કેડેટ'' પ્રોજેકટ અન્વયે વિધાર્થીમાં આદર્શ નાગરીક ભાવના પેદા થયાનું ઉત્તમ ઉદાહરણ ધ્યાને આવેલ છે.

# રામનાથપરામાં સગીરનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રામનાથપરા વિસ્તારમાં ૧૩ વર્ષના તરુણે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતાં ચકચાર મચી જવા પામી છે. મામલે એ. ડિવિઝન પોલીસ દ્વારા વધુ કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર, રાજકોટમાં રામનાથપરા વિસ્તારમાં ભવાનીનગર શેરી નં.૨ માં રહેતો સાબિર આમીનભાઈ શેખ (ઉ.વ.૧૩) નામના તરુણે પોતાના ઘરે રૂમમાં પંખાના હુકમાં ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે પરિવારજનોને જાણ થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ તેનું ટૂંકી સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. બનાવ અંગે જાણ થતાં એ. ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ લાભુભાઈ જતાપરા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, મૃતકનો પરિવાર મૂળ બંગાળનો વતની છે અને તેઓ ઘણાં સમયથી રાજકોટમાં રહે છે. તેમજ મૃતકના પિતા નાસ્તાની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. સાબિર જીદ્દી સ્વભાવનો હતો. ગઈકાલે તેમની મોટી બહેન માટે સગપણ નક્કી કરવા તેઓ પરિવાર સાથે મોરબી રોડ પર ગયા હતાં ત્યાંથી ઘરે આવી ગયો હતો અને અંતિમ પગલું ભરી લીધું હતું. ત્રણ બહેનોના એકના એક ભાઈએ અંતિમ પગલું ભરી લેતા પરિવાર શોકમાં ગળકાવ થયો છે. જ્યારે આપઘાતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ક્રિકેટ મેચ પર જુગાર રમતાં ત્રણ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં મહાપ્રભુજીની બેઠક પાછળ આવલી શ્રીજી સોસાયટીમાં જાહેરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ત્રણ શખ્સોને સીટી એ. ડીવીઝન પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ દરોડાની વિગત એવી છે કે સીટી એ. ડીવીઝન પોલીસના સર્વેલન્સ સ્કવોર્ડની ટુકડી પેટ્રોલીંગમાં હતી, તે દરમિયાન ખાનગી રાહે હકીકત મળી હતી કે મહાપ્રભુજીની બેઠક પાછળ શ્રીજી સોસાયટીમાં ક્રિકેટ મેચ પર જુગાર રમાઈ રહ્યો છે.જેથી પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતાં મુકેશ બાબુલાલ નકુમ (ઉ.વ. ૪૯) ધંધો વેપાર, અને શબીર ઈશાક સમા, અને દયાજીભાઈ કાનજીભાઈ કછેટીયા (૬૫ વર્ષ) ધંધો બાંધણી નો વેપાર, નામના ત્રણ શખ્સો મોબાઈલ ફોન ઉપર ક્રિકબઝ નામની એપ્લીકેશનમાં શ્રીલંકા-ઝીમ્બાબ્વે વચ્ચે રમાઈ રહેલી ટી-૨૦ મેચ પર હાર જીતનો જુગાર રમી રહેલા નજરે પડ્યા હતા. જેથી પોલીસે ઉપરોક્ત ત્રણેય શખ્સોની રોકડા રૂપિયા, મોબાઈલ મળી કુલ રૂા. ૧૬,૪૬૦ના મુદ્દામાલ સાથે અટકાયત કરી હતી.

# રાજુલાના કોટડી ગામે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ૨ કિમીના માર્ગનું ખાતમુહૂર્ત કર્યું




**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલા તાલુકાના કોટડી ગામે કોટડીથી કોટડીપરા સુધીનો ઝાપોદર ગામને જોડતો ૨,કી મીનો માર્ગ ૧.૩૧ કરોડના ખર્ચે મંજુર થતા તેનુ ખાતમુહૂર્ત ધારાસભ્ય હીરાભાઈના હસ્તે કરવામા આવ્યુ હતુ તેમજ લોકોની સુખાકારી માટે આ માર્ગ મંજુર કરવા બદલ ધારાસભ્યએ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો આ તકે જિલ્લા ભાજપ મહામંત્રી પીઠાભાઈ નકુમ,કનુભાઈ કલસરિયા, તાલુકા ભાજપ પ્રમુખ હરસુરભાઈ લાખણોત્રા,તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ બોઘાભાઈ લાડુમોર, ભુપેન્દ્રભાઈ વરુ, મુકેશભાઈ ગુજરીયા, સરપંચ એસોસિએશનના પ્રમુખ મનુભાઈ ધાખડા સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

# મોરબીમાં આધારકાર્ડ કઢાવવા અને અપડેટ કરાવવામાં પડતી હાલાકી

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી,હાલના સમયમાં બેંક એકાઉન્ટ ઓપન કરવા, વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવા, સરકારી યોજનાઓનો લાભ પ્રાપ્ત કરવા માટે આધારકાર્ડ ખુબજ જરૂરી દસ્તાવેજ છે. નાના બાળકોને સ્કૂલમાં પ્રવેશ માટે આધારકાર્ડ અનિવાર્ય છે,નાના બાળકોને વેકસીનેશન માટે પણ આધારકાર્ડ જરૂરી છે.ઘણા બધા કિસ્સાઓમાં મોબાઈલ નંબર આધારકાર્ડ લિંક ન હોય,નાના બાળકોના આધારકાર્ડ અપડેટ કરવાના હોય તમામ બાબતો માટે આધારકાર્ડ સેન્ટર પર વહેલી સવારથી લોકોની લાઈનો લાગેલી હોય છે,લોકો ખુબજ હાલાકી ભોગવી રહ્યા છે, હાલ આંબાવાડી તાલુકા શાળામાં નાના બાળકો માટે કિટ ચાલી રહી છે,જેથી નાના બાળકોના આધારકાર્ડ નીકળી શકે, અપડેર થઈ શકે આધાર સેન્ટર પર લાંબી લાઈનો લાગે છે, કુમળા બાળકોને કાંખમાં તેડીને બહેનો લાઈનમાં ઉભી હોય છે. સીટી મામલતદાર અને તાલુકા મામલતદાર કચેરીએ આધારકાર્ડની કીટ છે પણ ત્યાં કીટ ચાલતી નથી સર્વર ખુબજ ધીમું ચાલતું હોય છે,ઘણી લાઈટ ન હોય આધારકાર્ડની કામગીરી અટકી જાય છે.પરિણામે લોકો પોતાનું કામ,પોતાના ધંધો રોજગાર બંધ રાખીને આવેલા લોકોને ધરમનો ધક્કો થાય છે આમ મોરબીમાં આધારકાર્ડની કામગીરી ખુબજ ધીમી અને આયોજન વગરની ચાલી રહી હોવાની ફરિયાદ ઉઠવા પામેલ છે.

# ૨૨ જાન્યુઆરીએ મોરબી જિલ્લામાં નોનવેજ ઉપર પ્રતિબંધ મૂકવા હિન્દૂ સંગઠનોએ કલેક્ટરને પાઠવ્યું આવેદન

**મુખ્ય સમાચાર, મોરબી**



૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં શ્રી રામલલ્લાના પ્રાણપ્રતિષ્ઠા થશે. ૧૬ જાન્યુઆરીથી ધાર્મિક વિધિઓ શરૂ કરવામાં આવી છે. આજે તેનો બીજો દિવસ છે. ત્યારે આજરોજ વિવિધ હિન્દૂ સંગઠનો દ્વારા રામ જન્મભૂમિ અયોધ્યા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા અનુસંધાને મોરબી જિલ્લામાં નોનવેજ ઉપર પ્રતિબંધ મૂકવા કલેકટરને આવેદન પાઠવ્યું હતું.

હિન્દૂ સંગઠનો હિન્દૂ યુવા વાહિની, જાય મહાકાલ સતવારા મિત્ર મંડળ મોરબી તથા આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા મોરબી જિલ્લા કલેક્ટરને અલગ-અલગ ત્રણ આવેદનો પાઠવવામાં આવ્યા હતા. જેમાં તેમાં દ્વારા મોરબી જિલ્લામાં નોનવેજ ઉપર પ્રતિબંધ મૂકવા માનગ કરવામાં આવી હતી. આવેદનમાં હીણુંદ સંગઠનો દ્વારા જણાવાયું હતું કે, ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ સોમવારના રોજ બપોરે ૧૨:૨૦ કલાકે અયોધ્યામાં રામ મંદિર પાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે સમસ્ત સનાતની હિન્દુ સમાજનો એક ધાર્મિક તહેવાર સંપૂર્ણ ભારત વર્ષમાં ઉજવવામાં આવવાનો છે. જેમાં ૫૦૦ વર્ષના સંઘર્ષ પછી આ શ્રીરામ મંદિર તૈયાર થઇ રહ્યું છે. અત્યાર સુધીમાં નાનામોટા ૭૭ યુદ્ધ રામ મંદિર હેતુ થઇ ચૂકયા છે. આશરે ૪ લાખ સેવકોએ મંદિર હેતુ પોતાના પ્રાણની આહુતિ આપી છે. હિંન્દુ સમાજની આસ્થા અને ગર્વ દિવસ સમાન ભારત વર્ષમાં હરેક મંદિરમાં હરેક ઘરે હરેક સોસાયટીમાં આરતી પૂજા અને ભગવામય વાતાવરણ અને રામ જન્મભૂમિ અયોધ્યામાં ભગવાન શ્રીરામ બિરાજમાન થઈ રહ્યા હોય ત્યારે હિંન્દુ સમાજની લાગણી અને માંગણીને માન આપીને ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ સોમવારના રોજ સંપૂર્ણ રીતે મોરબીમાં નોનવેજના વેચાણ અથવા જાહેર કટીંગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે તેવું એક જાહેરનામું પ્રસિદ્ધ કરવા જિલ્લા કલેક્ટરને માંગ કરવામાં આવી છે.

સામાજિક કાર્યકર ચેતન ભાંભીની રજુઆત બાદ

# જામનગર જિલ્લાની નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ કચેરીમાં કર્મચારીની નિમણૂંક કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લાની નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાં મહત્વની અનેક જગ્યાઓ ખાલી છે કચેરીમાં કુલ કરતા ૩૨ના મહેકમમા ૨૦ જગ્યાઓ ખાલી હોવાથી અરજદારોને સરકારની કલ્યાણકારી યોજના રોજબરોજના કામકાજમાં મુશ્કેલી પડી રહી છે ખાસ કરીને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના લોકોને હેરાનગતિ વધુ પડતી હોય છે આ કચેરીમાં અધિકારી અને કર્મચારીઓની મહત્વની અનેક જગ્યાઓ હાલ ખાલી હાલતમાં જોવા મળી રહી છે લોકોને થતી હેરાનગતિને ધ્યાનમાં રાખી આ બાબતે જામનગર જિલ્લાના જાગૃત સામાજિક કાર્યકર ચેતનકુમાર ભાંભી દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી રાજ્યના મુખ્યમંત્રીને કેબિનેટ મિનિસ્ટર સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ કેબિનેટ મિનિસ્ટર ભાનુબેન બાબરીયા સાંસદ સભ્ય પૂનમબેન માડમ ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા વગેરે વગેરે ને લેખિતમાં આવેદનપત્ર પાઠવેલ છે અને વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ સરકારશ્રીને આ બાબતે લેખિતમાં જાણ થતા ગંભીરતા પૂર્વક નોંધ લઈ જણાવવામાં આવ્યું કે ભરતી અંગેની પ્રક્રિયા કાર્યવાહી હેઠળ હોવાથી સીધી ભરતી કે બઢતીથી ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે અને વધુમાં સીધી ભરતી કે બઢતી ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી આઉટસોર્સથી માનવ બળ મેળવવાની મંજૂરી આપવામાં આવેલ છે સામાજિક કાર્યકર્તા ચેતનકુમાર ભાંભી ની લેખિત રજૂઆતને સરકાર દ્વારા સુખદ નિર્ણય આપવામાં આવ્યો છે ચેતનકુમાર ભાંભી દ્વારા સરકારશ્રીના નિર્ણયનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો સ્ટાફની અછત ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે અને સમયસર વધુમાં વધુ લોકો સુધી લાભ મળશે પ્રજાને થતી હેરાનગતિ નો સામનો હવે નહીં કરવો પડે જામનગર જિલ્લામાં જાહેર માનવીય જીવનને લગતી જરૂરિયાત કલ્યાણકારી કાર્યો માટે ખૂબ જ સક્રિય રહે છે અને સરકારને લેખિતમાં રજૂઆતો કરી યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં મદદરૂપ થતા હોય છે સામાજિક કાર્યકર ચેતનકુમાર ભાંભી જાગૃતતા નું ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે.

# મોરબીમાં જેટકો સ્ટાફ ક્વાર્ટર ખાતે રામજન્મભૂમિ પૂજિત અક્ષત કળશનું ભવ્ય સ્વાગત કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**




મોરબીના ગોકુલનગર વિસ્તાર નજીક આવેલ ૬૬ કેવી બી જેટકો સ્ટાફ ક્વાર્ટરમાં અયોધ્યાથી આવેલ પૂજિત અક્ષત કળશનું સામૈયા કરી ધામધૂમ પૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં આગામી ૨૨,જાન્યુઆરીએ અયોધ્યા ખાતે થનાર ભગવાન રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને આનંદ અને ખુશી જોવા મળી રહી છે ત્યારે વર્ષોની પ્રતિક્ષા બાદ અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામનું ભવ્ય અને દિવ્ય મંદિર નિર્માણ થયું છે. તેવામાં અયોધ્યાથી આવેલ રામ જન્મભૂમિના પુજીત અક્ષતના કળશનું મોરબી ગોકુલનગર નજીક આવેલ જીઇબી ૬૬ કેવી બી જેટકો સ્ટાફ ક્વાર્ટરમાં વ્હાલા રામભક્તો દ્વારા ભવ્યથી અતિ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેટકો સ્ટાફ ક્વાર્ટરના નાના ભૂલકાથી લઇ વૃદ્ધ સુધીના લોકોએ રામધૂન તથા કીર્તન ગાઈને ગરબા લીધા હતા. તથા પૂજિત અક્ષત કળશની આરતી ઉતારી સૌ કોઈ રામભક્તો ભાવવિભોર થયા હતા.

# વાંકાનેર માટેલ રોડ પર આવેલ વિકાસ હોટલમાં ગ્રાહકની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરાતાં મેનેજર વિરૂધ્ધ કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલીસ ટીમે વાંકાનેરના ઢૂવા-માટેલ રોડ ઉપર વિકાસ ગેસ્ટ હોઉસમાં ચેકીંગ હાથ ધરતા હોટલમાં આવતા ગ્રાહકોનું પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરતા હોવાનું સામે આવતા હોટલ સંચાલકની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર એસઓજી પોલીસ ટીમે વાંકાનેર તાલુકાના ઢૂવા-માટેલ રોડ ઉપર આવેલ વિકાસ ગેસ્ટ હાઉસમાં ચેકીંગ હાથ ધરતા ગેસ્ટ હાઉસના મેનેજર સુનીલભાઇ ઘુઘાભાઇ વાઢેર ઉવ.૧૯ રહે.વિકાસ ગેસ્ટ હાઉસ ઢુવા માટેલ રોડ મુળ રહે.મોટી મોલડી તા.ચોટીલા જી.સુરેંદ્રનગર પોતાના કબ્જા ભોગવટા વાળા ગેસ્ટ હાઉસમાં આવતા ગ્રાહકોની પથિક સોફ્ટવેરમાં એન્ટ્રી ન કરી રજીસ્ટરમાં એન્ટ્રી કરતા હોય જેથી જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ ઉપરોક્ત વિકાસ ગેસ્ટ હાઉસના મેનેજર વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથક ફરિયાદ નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડુંગર ગામ પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઇવ અંતર્ગત વાહન ચાલકોને જાગૃત કરવામા આવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**



ડુંગર પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઇવનુ આયોજન કરવામા આવ્યું. જેમા ડુંગર ચોકડી નજીક મોટી સંખ્યામા વાહનો પસાર થતાં હોય છે. ત્યારે ડુંગર પોલીસ સ્ટેશનના પીએસઆઇ જી.એમ.જાડેજા સહીત પોલીસ સ્ટાફ દ્વારા અવરજવર કરી રહેલા બાઇક સવાર તેમજ કાર ચાલકોને ઉભા રાખી ટ્રાફિકના નિયમો વિશે માહીતીગાર કરાયાં. જેમા ચાલુ વાહને મોબાઇલનો ઉપયોગ ન કરવો,હેલ્મેટ પહેરે બાઇક ચલાવી, વળાંક દરમિયાન વાહનોની સ્પીડમાં ધીમી રાખવી તેમજ ફોરવ્હીલ કાર ચલાવતા દરમિયાન સીટ બેલ્ટ અવશ્ય બાંધવો સહીત વિવિધ ટ્રાફિકના નિયમોનુ પાલન કરવા માટે સૂચના આપવામા આવી હતી. સાથોસાથ સાઇબર ક્રાઇમ જાગૃતતા માટે પત્રિકાનું વિતરણ કરાયું હતું....

# રૈયાધાર વિસ્તારમાં ઘરમાં ઘુસી શખ્સે કરી યુવતીની છેડતી

## પરિવારજનો જોઈ જતા શખ્સને પકડી લમધાર્યો: ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૈયાધાર વિસ્તારમાં રહેતી યુવતી તેના ઘરના ઉપરના માળે આવેલા રૂમમાં પથારી કરી રહી હતી ત્યારે તેની શેરીમાં જ રહેતા શખ્સે તેના ઘરમાં ઘૂસી યુવતીનો હાથ પકડી છેડતી કરતા યુવતીએ દેકારો કરી મુક્તા આરોપી ભાગવા ગયો હતો.ત્યારે યુવતીના પરિવારજનો તેને જોઈ છતાં તેને મેથીપાક ચખાડયો હતો. જ્યારે આ મામલે યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા છેડતી અંગેનો ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ પૂછપરછ આદરી છે.

બનાવ અંગે રૈયાધારમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ ફરિયાદમાં આરોપોમાં તેના પાડોશમાં રહેતા નીલેપ કિશન દેવગણીયાનું નામ આપ્યું હતું જેમાં તેને જણાવ્યું હતું કે રાત્રીના બધા પરીવારજનો ઘરે હતા ત્યારે તેણી તેના નાના ભાઈ સાથે જમીને બન્ને ઘરના પહેલા માળે સુવા માટે ગયેલ અને તેણી રૂમમા પથારી કરતી હતી ત્યારે શેરીમા રહેતા નીલેષ દેવગણીયા યુવતીના મકાનની અગાસીએથી પહેલા માળના રૂમ પાસે આવી અને યુવતીનો હાથ પકડી છેડતી કરવા લાગ્યો હતા. જેથી યુવતીએ દેકારો મચાવતા નિલેશ ત્યાંથી ભાગ્યો હતો અને શેડી પરથી નીચે પડકાયો હતો જેથી પરિવારજનો તેને જોઈ જતા નિલેશને મેથીપાક ચખાડયો હતો. જેથી આ મામલે યુનિવર્સિટી પોલીસ દ્વારા નિલેશ સામે ગુનો નોંધી તેની અટકાયત કરી છે.

# એકતા સોસાયટીમાં લફરાબાજ પતિએ પત્નીને માથામાં પાટલો માર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પરાપીપળીયા પાસે આવેલા સોસાયટીના ક્વાર્ટરમાં રહેતી પરિણીતાને તેમના પતિને ઘરેથી નીકળી જવાનું કહી બેફામ મારમારી માથામાં લાકડાનો ધોકો ફટકારી દેતા તેમને મહિલાને હોસ્પિટલમાં ખસેડાઈ હતી.તેમજ પતિને અન્ય સ્ત્રી સાથે લફરું હોય જેથી પરિણીતાને માર મારતો હોવાની ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ એકતા સોસાયટી કવાર્ટર નં.૨૮૪ ૨૫-વારીયામાં રહેતા વૈશાલીબેન રમેશભાઈ ઉર્ફે મુન્નો કેવડામલ ગુલવાણી (ઉ.વ.૩૭)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા દિકરા સાથે રહું છુ અને મારા પતિ મારા સાસુ ધરમીબેન સાથે રહે છે.પતિ સાથે મારે ભળતુ ન હોય જેથી તે મારાથી અલગ રહે છે અને મારા પતિ અગાઉ જુનાગઢ મુકામે મર્ડરના કેશમાં પોલીસ મા જેલમાં હતા અને પતિએ ૨૦૧૮ ની સાલ મા રાજયપાલ ના હુકમ થી સજા મા માફી આપેલ છે.

ગઈ દિવાળી એ પતિ મારા ઘરે તાળા મારી અને મને મકાન ખાલી કરી જતી રહે તેમ કહી મારી સાથે ઝઘડો કરી ગાળો આપી હતી અને ગઈ તા.૧૩/૦૧ના રોજ બપોરના સમયે પતિને અન્ય કોઈ સ્ત્રી કે જેનુ નામ સોનલ છે તે પોતાની ઘર વાળી છે તેમ પતિ મને કહી તેનુ ઉપરાણુ લઈ મારી સાથે ઝઘડો કરેલ તેમજ મને માથાના ભાગે બેસવાનો લાકડા નો પાટલો મારી દીધો હતો જેથી માથામાંથી લોહી નીકળવા લાગ્યો અને બપોરના આશરે ત્રણેક વાગ્યે હુ મારા ઘરે એકલી હતી ત્યારે પતિ ઘર પાસે આવેલ અને તે વખતે મારા સાસુ ધરમીબેન તથા સસરા કેવડામલ સેવ નદાસ હાજર હતા અને પતિ ઝઘડો કરી ગાળો આપી મને ઢીકાપાટુનો મારામારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જેથી પોલીસની વેનમાં કોલ કરતા પોલીસ આવી જતા પતિની ધરપકડ કરવામાં આવી હતી.

# જમીન મકાનના ધંધાર્થી પાસે પીએસઆઈએ એક કરોડ માંગ્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જમીન મકાનના ધંધાર્થી પાસે જંકશન ચોકીના પીએસઆઈએ ૧ કરોડની લાંચ માંગતા ધંધાર્થીએ વાતચીતની ઓડિયો કિલપ સાથે એસીબીમાં અરજી કરતા એસીબી પીઆઈએ કિલપ ત્રાજકમાં મોકલી છે જેનો રીપોર્ટ આવ્યા બાદ કાર્યવાહી થશે. રાજકોટના ગાયકવાડી વિસ્તારમાં રહેતા અને સ્ટાર પ્લાઝામાં ઓફીસ રાખી જમીન મકાનનો વ્યવસાય કરતા નાગેશસિંહ શેખરસિહ ચૌહાણ ઉ.૪૨ નામના ધંધાર્થીએ જંકશન પોલીસ ચોકીના પીએસઆઈ બી કે ગોહેલ સામે એન્ટી કરપ્શન બ્યુરોમાં લાંચ અંગે કરેલી અરજીમાં જણાવ્યું હતું કે પોતાની રોણકી સર્વે નંબર ૬૬ પૈકી ૧ની જમીન બોગસ દસ્તાવેજો બનાવી ભાઈ બહેને બારોબાર વેચી નાખી હોય જેથી તેમની સામે કાર્યવાહી કરવા પોતે પોલીસ કમિશનરને લેખિત અરજી કરી હતી જેની તપાસ જંકશન ચોકીને ફોરવર્ડ કરવામાં આવતા પુછતાછ અર્થે જંકશન ચોકીએ બોલાવવામાં આવ્યા હતા ત્યાં પીએસઆઈ ગોહેલએ તમારી જમીન કેવડી છે તેમ પૂછતાં મારી જમીન ૪૦ કરોડની છે તેવું જણાવ્યું હતું જેથી ફરિયાદ હું લઉં પણ મને ૧ કરોડ રૂપિયા આપો તો હું ફરિયાદ લઈશ પછી ત્રઈછકરીશ તેમ કહેતા મેં વિચારને જવાબ આપવાનું કહ્યું હતુ બાદમાં મેં એસીબીના પીઆઈ અજયસિહ ગોહિલને વાત કરતા તેમણે રેકોર્ડીંગ કરવાનું કહેતા હું ફરી ત્યાં ગયો હતો અને લાંચ અંગે વાતચીત કરતા હોય તેવું ઓડિયો રેકોર્ડીંગ કરી લીધું હતું તે પછી ૧ ડિસેમ્બરે જગ્યા જોવા ગયા ત્યારે પણ પીએસઆઈએ ૧ કરોડનું વિચારો લેજો મારે ઉપલા અધિકારીઓને પણ દેવા પડે તેમ કહ્યું હતું ગત ૧૬ તારીખે ફરી જતા ૧ કરોડ સિવાય ફરિયાદ નહિ થાય તેમ જણાવતા એસીબીમાં અરજી કરી હતી એસીબી પીઆઈ ગોહિલએ જણાવ્યું હતું કે અરજી મળી છે ઓડિયો કિલપ એફએસએલમાં મોકલી છે તેનો રીપોર્ટ આવ્યા બાદ યોગ્ય જણાશે તો કાર્યવાહી થશે.

# રામલલ્લાની મૂર્તિના પ્રાણ પ્રતિષ્ઠા સમારંભના દિવસે તમામ વેપાર-ધંધા બંધ રાખવા રાજકોટ ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈષ્ણવની અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર દેશની જનતા જેની આતુરતાથી રાહ જોઈ રહી છે તે ક્ષણ ખુબ જ નજીક આવી રહી છે ત્યારે આપણે સૌ જાણીએ છીએ તેમ અયોધ્યા ખાતે તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ શ્રીરામ ભગવાનની મુર્તિનું પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ થવા જઈ રહયો છે. ત્યારે આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ આ ઐતિહાસીક પર્વની સમગ્ર દેશની જનતા ઉજવણી કરે તે માટે આહવાન કરેલ છે. તેને અનુસરીને આપણે આપણા નૈતિક ફરજના ભાગરૂપે આપણા ઘરે જ ઘરે દિપ પ્રગટાવીને આ અવસરની ઉજવણીમાં સહભાગી બનીએ.

સાથો સાથ આ પર્વની ઉજવણીમાં આપણે એક સાક્ષી તરીકે જોડાઈ અને ધાર્મિક ભાવનાને ઉજાગર કરી આપણી પ્રસંગ હોવાથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા તમામ વેપાર-ઉદ્યોગકારોને તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના દિવસે પોતાનો વ્યવસાય સ્વૈચ્છીક રીતે બંધ રાખવા અપીલ કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અયોધ્યામાં રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે કોળી સમુદાયના લોકો સુર્યનારાયણ ભગવાનને જલ ચડાવીને નમસ્કાર કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કોળી સમાજ વેપારી મંડળ સમગ્ર ગુજરાત રાજયના સમસ્ત કોળી જ્ઞાતિજનોને આહવાન કરે છે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યા રામમંદિર પૂન: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મંગલમય અવસરે પોત-પોતાની ઘરે દિવડા પ્રગટાવે, રંગોળી દોરે, આસોપાલવ તોરણ બંધાવીને ઐતિહાસીક ઉજવણી આ રીતે ઉજવીએ. પુરાણો અનુસાર રામ અયોધ્યાના ૬૪ માં રાજા હતા. અયોધ્યા સુર્યવંશી રાજાઓની રાજધાની હતી. આ ભારતીય ઈતિહાસના સૌથી લાંબો રાજવંશ માનવામાં આવે છે. વંશાવાલીમાં આ કુળના ૧૨૩ રાજાઓનો ઉલ્લેખ મળે છે. તેમાંથી ૯૩ એ મહાભારત પહેલા અને ૩૦ એ મહાભારત પછી રાજ કર્યુ હતુ. પુરાણોના મતે અયોધ્યાના પહેલા ૧૧ સુર્યવંશી રાજા હતા. દશરથ ૬૩ માં અને રામ ૬૪ માં રાજા થયા. વેદોમાં માત્ર આ કુળના ૨૧ માં રાજા માંધાતાનો ઉલ્લેખ મળે છે. આ અટકળે ઈતિહાસને ધ્યાનમાં લઇને ૨૨ જાન્યુઆરીએ ગુજરાત રાજયમાં સમસ્ત કોળી જ્ઞાતિજનો પોતાની રીતે પોતાની ઘરે સવારે વહેલા ઉઠીને સવારે ૭.૦૦ કલાકે સુર્યનારાયણ ભગવાનને એક લોટી શુધ્ધ જલ ચડાવે તેવી રાજકોટ કોળી સમાજ વેપારી મંડળ અપીલ કરે છે. ૨૨ જાન્યુઆરીના દિવસે ગુજરાત રાજયમાં ૧ લાખ ૧૧ હજાર કોળી પરિવાર લોકો જલ ચડાવે તેના સંકલ્પ માટે કોળી સમાજની વિવિધ ધર્મસ્થાનોના સંતો મહંતો ભકતો સમાજના તમામ કલાકારો અને ટિકટોક કલાકારો અપીલ કરે તેમ રાજકોટ કોળી સમાજ વેપારી મંડળની યાદીમાં જણાવેલ છે.

# મોરબીના નવા બસ સ્ટેન્ડ સામે કારની ઠોકરે બુલેટ સવાર બે યુવાન ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શનાળા રોડ ઉપર નવા બસ સ્ટેન્ડ સામે સ્વીફ્ટ કારે બુલેટ ચાલક બે યુવાનોને પાછળથી ઠોકરે ચડાવતા બંને યુવાનો નીચે રોડ ઉપર પટકાયા હતા. જેમાં બંને યુવાનોને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચતા સ્વીફ્ટ કારના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના શનાળા રોડ ઉપર નવા બસ સ્ટેન્ડ સામે સરદાર પટેલ સર્કલ બાજુમાં સ્વીફ્ટ કાર રજી. જીજે-૦૩-એનબી-૨૮૮૮ ના ચાલકે પોતાની કાર પુરપાટ ગતિએ ચલાવી બુલેટ રજી.નં જીજે-૦૩-એચબી-૪૯૨૦ માં સવાર બે યુવાનોને પાછળથી ટક્કર મારી નીચે પછાડી દઈ બંને યુવાનોને શરીરે ફ્રેકચર તેમજ નાની મોટી ઈજાઓ પહોંચાડી હતી. સમગ્ર બનાવ બાબતે ઈજાગ્રસ્ત નરેશભાઈ સુરેશભાઈ જંજવાડીયા ઉવ.૨૦ રહે.મોરબી વીશીપરા ધોળેશ્વર રોડ મેલડી માતા મંદીર પાસે એ આરોપી સ્વીફ્ટ કારના ચાલક વિરુદ્ધ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઓછું હિમોગ્લોબિન ધરાવતી ખેતમજૂર સગર્ભાની તાત્કાલિક મદદ કરતી આરોગ્ય ટીમ

## સત્વરે સારવાર કરી દુર્ઘટનાની શકયતાઓ નિવારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના રાજપરા ગામની માત્ર ૩.૭ ટકા જ હિમોગ્લોબિન ધરાવતી સગર્ભાની તાત્કાલિક સારવાર કરી રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાએ દુર્ઘટનાની તમામ શકયતાઓનું નિવારણ કર્યું છે.

મુળ દાહોદ જિલ્લાના રહેવાસી અને હાલ રાજપરા ગામની વાડી વિસ્તારમાં છૂટક ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા સગર્ભા રાધાબેન ભુરીયાની આશા વર્કરશ્રી મંજુલાબેન રાખૈયા તથા ફીમેલ હેલ્થ વર્કર શોભનાબેન મકવાણાએ શારીરિક તપાસ કરતાં આઠ મહિનાની ગર્ભાવસ્થા ધરાવતા ૧૯ વર્ષના રાધાબેનનું વજન માત્ર ૪૦ કિલો અને હિમોગ્લોબિન માત્ર ૩.૭ ટકા જણાતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. માધવી પંડયાએ રાધાબેન





તથા તેમના પરિવારને પરિસ્થિતિની ગંભીરતા સમજાવી વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં જવા માટે કાઉન્સેલિંગ કર્યું હતું, જેના ભાગરૂપે રાધાબેનને ૧૦૮ મારફતે પી.ડી.યુ.હોસ્પિટલ ખાતે પ્રસૂતિ વિભાગના વડા ડો.કમલ ગોસાઇએ તાત્કાલિક રાધાબેનને ચાર બોટલ લોહી ચડાવી અન્ય જરૂરી સારવાર કરી, જેનાથી રાધાબેનનું હિમોગ્લોબિન લેવલ ૧૦ થયું. આથી કોમ્પ્લીકીટેડ અને પ્રીમેચ્યોર ડીલીવરી, હેમરેજ કે કોમામાં જવાની સંભાવના, ખોડવાળું બાળક, માતા કે બાળકનું મૃત્યુ વગેરે જેવી દુર્ઘટનાની કોઇ પણ પ્રકારની શકયતાઓનું નિર્મૂલન કર્યું છે.

# થોરાળાના ક્રિષ્ના પાર્કમાં પોલીસને જોઈ વિદેશી દારૂ ભરેલી ઈકો કાર રેઢી મૂકી બુટલેગર ફરાર

## પોલીસે ૧૬૪ બોટલ વિદેશી દારૂ અને ઈકો કાર સહિત કુલ રૂ.૨.૯૦ લાખ નો મુદ્દામાલ કબજે કરી કાર નંબરના આધારે બુટલેગરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે થોરાળા વિસ્તારમાં આવેલ ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં પોલીસને જોઈ બુટલેગર વિદેશી દારૂ ભરેલી ઈકો ગાડી રેઢી મૂકી નાસી જતા પોલીસે ૧૬૪ બોટલ વિદેશી દારૂ અને કાર સહિત રૂ.૨.૯૦ લાખનો મુામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ થોરાળા પોલીસના હેડ કોન્સ્ટેબલ જે.બી.જાડેજા કોન્સ્ટેબલ હરપાલસિંહ વાઘેલા સહિતનો સ્ટાફ સત્યમપાર્ક પાછળ થોરાળા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ઈકો કાર નં.જીજેડકેપીપ૨૮૬ નંબરની કારમાં એક શખ્સ સંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરતા આ શખ્સ ક્રિષ્ના પાર્ક શેરી નં.૨ના ખુણે કાર રેઢી મૂકી નાસી ગયો હતો પોલીસે કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાંડની ૧૬૪ બોટલ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૨.૯૦ લાખનો મુામાલ કબ્જે કરી કાર નંબરના આધારે નાસી ગયેલા બુટલેગરની શોધખોળ આદરી છે.

જ્યારે એક અન્ય બનાવમાં ડિસીપી ઝોન ૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલાની સુચનાથી હેડ કોન્સ્ટેબલ મૌલીકભાઈ સાવલીયા કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ સહિતનો સ્ટાફ વિશ્વનગર ખીજડાવાળા મેઈન રોડ પર વિદેશી દારૂના ૪૫ ચપલા સાથે વિશાલ ભુપત નિમાવત નામના શખ્સને ડબોચી લઈ વધુ તપાસ કરતા વિદેશી દારૂનો જથ્થો સુખદેવસિંહ ઉર્ફે, સુખો મહિપત ઝાલાનો હોવાનું માલુમ પડતા પોલીસે આ બુટલેગર સુખદેસિંહ ઉર્ફે સુખાની શોધખોળ શરૂ કરી છે.

# મોરબીની યુવતીએ એસ્ટ્રોન ચોક પાસે એસિડથી આપઘાતનો પ્રયાસ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં એસ્ટ્રોન ચોકમાં આવેલી હોસ્ટેલમાં રહી પાર્લરમાં નોકરી કરતી યુવતી ૧૫ દિવસ વડોદરા મામાના ઘરે જતી રહી હતી અને પરત આવતા નોકરી છૂટી ગઈ હતી યુવતીને બીજી નોકરી નહીં મળતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવતીને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ મૂળ મોરબીની વતની અને હાલ એસ્ટ્રોન ચોકમાં આવેલી હોસ્ટેલમાં રહેતી ભૂમિબેન મિતેશભાઈ નાગોર નામની ૨૨ વર્ષની યુવતીએ સાંજના છએક વાગ્યાના અરસામાં એસિડ પી લીધું હતું. યુવતીને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં ભૂમિબેન નાગોરા બે બહેનમાં મોટી છે અને હોસ્ટેલમાં રહી બ્યુટી પાર્લરમાં નોકરી કરતી હતી અને વડોદરા ખાતે રહેતા મામાના ઘરે રોકાવા ગઈ હતી અને પંદર દિવસ બાદ પરત આવતા નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી બાદમાં ભૂમિબેન નાગોરા નોકરીની શોધતી હતી. પરંતુ બીજી નોકરી નહીં મળતા ભૂમિબેન નાગોરાએ એસિડ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ભગવાન શ્રીરામના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને રાજકોટવાસીઓ પણ વધાવશે

## શહેરના તમામ મંદિરોમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજન હાથ ધરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અયોધ્યા ખાતે રામ જન્મભૂમિ મંદિરમાં સદીઓની પ્રતીક્ષા પછી હવે જ્યારે પ્રભુ શ્રીરામની પુન: પ્રાણ પ્રતિષ્ઠાની મંગલ ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે, રાજકોટ નગરી પણ અયોધ્યા ની જેમ સજીધજીને આ અવસરને વધાવવા થનગની રહી છે.




રાજકોટના બધા મંદિરો અયોધ્યાના રામ મંદિર બની આ પુન: પ્રાણ પ્રતિષ્ઠાનો અવસર ઉજવવા આતુર બન્યા છે.

અત્યાર સુધીમાં રાજકોટ મહાનગરના ૩૫ થી વધુ મંદિરો તરફથી વિશ્વ હિન્દુ પરિષદ તથા સમવિચારિક સંગઠનો ના કાર્યકર્તાઓને ૨૨મી તારીખની ભવ્ય ઉજવણી માટે મળેલા આમંત્રણ તથા આયોજનોની વિગતો ના આધારે એવું સ્પષ્ટ ધ્યાનમાં આવે છે કે રાજકોટના નાના-મોટા દરેક મંદિરોમાં ૨૨મી તારીખની ઉજવણીને લઈને અત્યારથી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અનેક સ્થાનો પર સુંદરકાંડના પાઠ, રામધૂન, રામરક્ષા સ્તોત્ર, હનુમાન ચાલીસા ના પાઠ, મહા આરતી અને ઘણી બધી જગ્યાએ તો મહાપ્રસાદના આયોજનો થયા છે. અનેક સ્થાને મંદિરો ઉપરાંત ઘણા એપાર્ટમેન્ટ અને સોસાયટીઓના પણ સામૂહિક આયોજન માટે પરિષદનો સંપર્ક કરવામાં આવ્યો છે. સમરસ હિન્દુ સમાજ સાથે મળીને પ્રભુ શ્રીરામનો પુન: નીજમંદિરમાં પ્રવેશ ધામધૂમથી ઉજવવા તૈયારી કરે છે.

રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર તરફથી ૨૨ મી તારીખના આનંદોત્સવ ઉજવવા માટે મળેલ દિશાનિર્દેશ નું પાલન કરીને આ ઉત્સવ મંદિરને કેન્દ્રમાં રાખીને ઉજવાય એ પ્રકારે આયોજનો થઈ રહ્યા છે. અનેક સ્થાનો ઉપર મંદિરની સાફ-સફાઈ અને શણગાર ની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સમરસ આનંદોત્સવ દીપ માળા રંગોળી અને ફટાકડા સાથે પ્રભુ શ્રીરામ નો આનંદઉત્સવ સમાજના દરેક ભેદભાવને ભૂલીને બધા લોકો પોતાના ઘરે દીપ પ્રગટાવવા રંગોળી કરવા અને ફટાકડા ફોડવા ની સાથે મંદિરમાં બધા સાથે મળીને ઉજવવા થનગની રહ્યા છે. અત્યાર સુધી સંકલિત થયેલી માહિતી પ્રમાણે યાદીમાં બતાવ્યા પ્રમાણેના સ્થાનો ઉપર મોટા એલઈડી સ્ક્રીન ઉપર અયોધ્યાના જીવંત પ્રસરણ ની સાથે મંદિર કેન્દ્રિત આનંદોત્સવ ના આયોજનો થયા છે.

# દેશના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનું રાજકોટ હિરાસર એરપોર્ટ ખાતે ઉષ્માભેર સ્વાગત





**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ(સી.એ.જી.) ગિરીશ ચન્દ્ર મુર્મુ ૧૮ જાન્યુઆરીના રોજ રાજકોટ સ્થિત એ.જી. ઓફિસની સંપૂર્ણ હિસાબીલક્ષી કામગીરીનું નિરીક્ષણ કરવા અર્થે દિલ્હીથી હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે તેમના ધર્મપત્ની ડો.સ્મિતા મુર્મુ આવી પહોંચ્યા હતા.

આ તકે કાર્યકારી જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ) દિનેશ પાટીલ, આસિસ્ટન્ટ કલેકટર નિશા ચૌધરી, આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસરશ્રી રાજકુમાર સિંઘલ સહિતના મહાનુભાવોએ તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતુ.

# રાજકોટમાં શહેર કક્ષાની ૨૬ જાન્યુઆરીની ઉજવણી ચૌધરી હાઈસ્કુલ ખાતે થશે: ૨૪મીએ રિહર્સલ

## પ્રાંત અધિકારી કે.જી.ચૌધરીની અધ્યક્ષતામાં સુચારુ આયોજન માટે અધિકારીઓની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં પ્રજાસત્તાક પર્વની ૨૬મી જાન્યુઆરીની શહેર કક્ષાની ઉજવણી ચૌધરી હાઈસ્કુલ ખાતે થશે. જેના સુચારુ આયોજન અંગેની બેઠક જૂની કલેક્ટર કચેરી ખાતે પ્રાંત અધિકારીશ્રી કે.જી.ચોધરીની અધ્યક્ષતામાં યોજાઇ હતી.




આ રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણી કરવા માટે સબંધિત ખાતાના અધિકારીઓને વિવિધ ફરજો સોંપાઇ હતી. પ્રાંત અધિકારીશ્રીએ આ તૈયારીઓની સમીક્ષા કરી હતી. પોલીસ પરેડ( ટ્રાફિક, બ્રિગેડ, હોમ ગાર્ડ, એન.સી.સી. પ્લાટુન), સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમો, આમંત્રણો, પીવાના પાણી, બેઠક વ્યવસ્થા, પરેડ નિરીક્ષણ માટેના વાહન, સાફા, વૃક્ષારોપણ, ઇનામો વગેરેનું સુચારું આયોજન કરવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાંત અધિકારી કે.જી.ચૌધરીએ તા.૨૪-૧-૨૪ના સવારે ૮.૩૦ વાગ્યે ચૌધરી હાઈસ્કુલ ખાતે ફાઇનલ રિહર્સલ માટે ઉપસ્થિત રહેવા સર્વે અધિકારીઓને જણાવ્યુ હતું.

આ મિટિંગમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા યુવા રમત ગમત અધિકારીશ્રી, પોલીસ, માર્ગ અને મકાન વિભાગની કચેરીના અધિકારીઓ તેમજ અન્ય વિભાગના વિવિધ અધિકારીઓ, મામલતદારશ્રી જે.વી.કાકડિયા, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોટીટાંકી ચોક પાસે એકટીવાની ડેકીમાંથી રોકડની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## શહેરના વધુ બે માથાભારે શખ્સો પાસામાં ધકેલાયાઃજેલમાંથી પેરોલજંપ કરનાર કાચાકામનો કેદી ઝડપાયાઃચેક રીટર્ન કેસમાં સજાના વોરંટની ભક્તિનગર પોલીસે બજવણી કરી



કેવીન ઉર્ફે કે.પી. રમેશભાઈ પીપળવા



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં મોટીટાંકી ચોક પાસે એકટીવાની ડેકીમાંથી રોકડ ચોરી કરનાર તસ્કરને પ્ર.નગર પોલીસે ડબોચી લઈ અન્ય એક શખ્સની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ભક્તિનગર પોલીસે પીઆઈ એમ.આર.ગોડલિયાની સુચનાથી પીએસઆઈ બી.વી.ચુડાસમાં, એસએઆઈ, સી.એમ.ચાવડા હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ડાંગર સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ચુનારાવાડમાં સરવૈયા પાન પાસે રહેતો કિશન નિતીન ધોરીયાને બાઈક સાથે દબોચી લઈ આકરી પૂછપરછ કરતા આ શખ્સે અગાઉ પેડક રોડ પર રહેતો કબીર ગની સલાટ સાથે મળી મોટીટાંકી ચોક પાસે આવેલા કોમ્પ્લેક્ષના પાર્કિંગમાં એકટીવાની ડેકીમાંથી રોકડની ચોરી કરી હોવાની કબૂલાત આપતા પોલીસે બાઈક અને રોકડ સહિત રૂ.૩૫ હજારનો મુમાલ કબજે કરી વધુ એક તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

જ્યારે ગુનાહિત ઈતિહાસ ધરાવતો ભાવનગર રોડ પર આરોપી સોસાયટીમાં રહેતો આર્ય ઉર્ફે બાડો સલીમ મકરાણી નામના માથાભારે શખ્સને ભક્તિનગર પોલીસે ડબોચી લઈ સુરત જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે. જ્યારે વાહન ચોરી ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો કેવડાવાડીનો કેવીન ઉર્ફે કે.પી.રમેશ પીપડવા નામના શખ્સને પાસામાં ભાવનગર જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. જ્યારે રાજકોટ જિલ્લા જેલમાંથી વચગાળાની રજા પર છુટીયા બાદ મોરબી રોડ પર આવેલા જયજવાન જયકિશાન સોસાયટીનો હિતેશ ઉર્ફે બાડો ચમન કારેણા નામનો શખ્સ પેરોલઝંપ કરી ગયો હોય એ ડિવિજને પોલીસે જેલ હવાલે કર્યો છે. જ્યારે કોઠારીયા રોડ પર સુભાસનગરમાં રહેતો ચંદુ ભીખા હમીપરા નામનો શખ્સ ચેક રીટર્નની સજાના વોરંટથી ભાગતો ફરતો હોય ભક્તિનગર પોલીસે ડબોચી લઈ વોરંટની બજવણી કરી હતી.

# કોટડા સાંગાણીના માણેકવાડા ગામે એસએમસી ત્રાટકીઃ જુગાર કલબ ઝડપાઈ

## ૧૫ લાખની રોકડ, ૬ કાર, ૨૩ મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબ્જે જુગારીઓને છૂટથી દારૂની સવલત મળતી હોઇ અલગથી ગુનો નોંધાયો






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વર્ષ ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં કોટડાસાંગાણી પંથકમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે જુગારધામ ઉપર દરોડો પાડી કલબ સંચાલક સહીત ૧૮ શખસોને ઝડપી લઈ રોકડ, કાર, મોબાઈલ સહિત ૯૪.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે જુગારીઓને દારૂની સવલત પણ પૂરી પાડવામાં આવતી હોય દારૂ-બીયર મળી આવતા સંચાલક સામે અલગથી ગુનો પોલીસ માટે વ્યાપી ગયી છે. આ અંગેની માહિતી મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલના ડીવાયએસપી કે ટી કામળીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ આર જી ખાંટ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ટકાસાંગાણી પોલીસ મથક એઝળળ કોટડાસાંગાણી પોલીસ મથક હેઠળના માણેકવાડા ગામે મહેન્દ્રસિહના ફાર્મહાઉસમાં દરોડો પાડી કલબ સંચાલક મહેન્દ્રસિંહ ભીખુભા જાડેજા, તેમજ જુગાર રમતા રાજકોટના શુભમ મુરામભાઈ ભિાવત, રોનક સુખરામભાઈ નિમાવત, ભાવેશ સુરેશભાઈ ઝીઝુંવાડિયા, નીતિન બલદેવભાઈ પરમાર, જયપાલસિહ દસુભા જાડેજા, દિનેશ કાનજીભાઈ પટેલ, કાલાવડના અવધેશ પ્રવીણભાઈ સૂચક, હરેશ મગનભાઈ સોલંકી, જેતપુરના હસમુખ જમનાદાસ ટીલાવત, સનાળાભાઈ કાનાભાઈ રાદડિયા, ગોંડલના સોહિલ ઈશાકભાઈ ડેલા, જામકંડોરણાના ક્રિપાલસિહ અભયસીહ જાડેજા, કુલદીપસિહ જલુભા જાડેજા, ઉપલેટાના જયંતી રામજીભાઈ ડોબરિયા, માળિયાહાટીનાના મુકેશ કરશનભાઈ ચૂડાસમા, વેરાવળ સોમનાથના પોલા અરજણભાઈ ચાવડા અને જસદણના રસિક પોપટભાઈ રૂપારેલીયાને ઝડપી લઈ રોકડા ૧૫,૦૧,૫૦૦, ૨,૩૧,૫૦૦ના ૨૩ મોબાઈલ, ૭૭ લાખના છ વાહન સહીત ૯૪,૩૩,૦૦૦નો મુદામાલ કબ્જે કરી નાસી છુટેલા બે વાહનના માલિકો સામે કોટડાસાંગાણી પોલીસમાં ગુનો દાખલ કરાવી તપાસ હાથ ધરી છે.

તપાસ કરતા ફાર્મહાઉસમાંથી દારૂની બે બોટલ અને બે બીયર મળી આવતા ૯૨૦૦નો મુદ્દામાલ કબજે કરી ફાર્મ હાઉસ સંચાલક સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ અલગથી ગુનો નોંધી ધરપકડ કરી હતી પ્રાથમિક પૂછતાછમાં જુગારીઓને કાર મારફત ફાર્મહાઉસ ખાતે રમવા લઇ આવવા હોવાનું અને દારૂ-બીયરની સવલત પણ આપવામાં આવતીહોવાનું જાણવા મળ્યું છે જખઈની રેડથી સ્થાનિક પોલીસને રેલો આવે તો નવાઈ નહિ.

# ડમ્પર પાછળ કાર ઘુસી જતા વાંકાનેરના દંપતિ અને પુત્રના કરૂણ મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગરમાં મુળી- સડલા રોડ પર વહેલી સવારે કાર્બોસેલ ભરેલા ડમ્પરના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવતી કાર ડમ્પર પાછળ ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં ગંભીરી ઘવાયેલા પતિ, પત્ની અને પુત્રના ઘટના સ્થળે કમમકાટી ભર્યા મોત નીપજયા છે. અને તેમાં એક બાળકનો આબાદ બચાવ થયો છે. જ્યારે પોલીસે અસ્માત મામલે ડમ્પરના ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

આવેલા લાકડધાર ગામના કરમશીભાઈ ખોડાભાઈ ડાભી (ઉ.વ.૫૫) તેમના પત્ની પાંચુબેન, મહેશ કરમશીભાઈ ડાભી . (ઉ.વ.૩૦), રોહિત રમેશભાઈ ડુમડીયા (ઉ.વ.૨૧) અને પાંચ વર્ષનો ઉમંગ મહેશભાઈ ડાભી જી.જે.૩૬બી. ૩૨૧૫ નંબરની અલ્ટ્રો કારમાં વિરમગામ જવા નીકળ્યા હતા.અને અલ્ટ્રોકાર મુળી નજીક સડલા ગામ પાસે રાતે એકાદ વાગે પહોંચી ત્યારે આગળ જતા જી.જે.૧૭યુયુ. ૮૨૫૧ નંબરના ડમ્પરના ચાલકે અચાનક બ્રેક મારતા કાર ડમ્પર પાછળ ધડાકાભેર ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં અકસ્માતમાં કરમશીભાઈ, તેમના તેમના પત્ની પાંચુબેન અને પુત્ર મહેશના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નીપજ્યા હતા. અકસ્માતમાં રોહિત રમેશનો બચાવ થતા તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે.ગોઝારા અકસ્માતમાં પાંચ વર્ષના ઉમંગ ડાભીનો આબાદ બચાવ થયો છે. ગમખ્વાર અકસ્માતના બનાવની જાણ થતા મુળી પોલીસ મથકના પી.એસ.આઈ. વી.બી.ચુડાસમા સહિતના સ્ટાફ ઘટના સ્થળે પહોચી ઘવાયેલાઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડયા છે. જ્યારે પોલીસે આ મામલે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# ભાડલા ગામે બીએસએનએલની ઓફિસમાંથી ૬૭ હજારની સિસ્ટમની ચોરી


**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણના વિંછિયા રોડ પર રહેતા અને બીએસએનએલમાં જુનિયર ટેલીકોમ ઓફિસર તરીકે ફરજ બજાવતા રજનીશભાઈ હિમ્મતભાઈ ટાંકએ ભાડલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ભાડલા ભંડારીયા રોડ પર આધ્યા ગામ જવાના રસ્તે આવેલી બીએસએનએલ ઓફિસમાં રાત્રીના સમયે કોઈ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ઓફિસમાં રાખેલ ૧૬ બેટરી ટુજીબીટીએસ મોબાઈલ ટાવર કાર્ડ ૬ તથા થ્રીજીબીટીએસ મોબાઈલ ટાવર કાર્ડ ત્રણ તથા ટ્રસામીટર સીસ્ટમ સહિત કુલ રૂ.૬૭ હજાર મત્તા ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ બી.એમ.સોલંકીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સંતકબીર રોડ પર બોલેરો ગાડીમાં પ૨૮ બોટલ દારૂ સાથે એક ઝડપાયો,ત્રણ ફરાર

## નટરાજનગરમાં ચલણી નોટો પર જુગાર રમતા ત્રણ શખ્સોની ધરપકડ




**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે ગોકુળનગર સંતકબીર રોડ પર ક્રાઈમબ્રાંચની ટીમે બોલેરો ગાડીમાં પ૨૮ બોટલ વિદેશી દારૂ સાથે એક શખ્સની ધરપકડ કરી અન્ય ત્રણ બુટલેગરની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એન.ડી.ડામોર એ.એસ.આઈ ફિરોજભાઈ હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ સહિતનો સ્ટાફ સામાકાંઠા વિસ્તારમાં સંતકબીર રોડ પર પેટ્રોલીંગમાં હતા ત્યારે ગોકુળનગરમાં બોલેરો ગાડીમાં શંકાસ્પદ રીતે નીકળેલ વિપુલ પુંજા પરમાર નામના શખ્સને ડબોચી લઈ ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની પ૨૮ બોટલ મળી આવતા પોલીસે વિપુલ પરમારની ધરપકડ કરી આકરી પૂછપરછ કરતા વિદેશી દરૂનો જથ્થો શ્રમજીવી સોસાયટી બેડીપરાનો વિજય ઉમેશ સોલંકી, સુનીલ રાજેશ પરમાર, કુલદીપ ઉર્ફે કુલી દિનેશ નંદેસરયા નામના ત્રણેય શખ્સોનો હોવાની કબૂલાત આપતા પોલીસે રૂ.૭.૪૬ લાખનો મુમાલ કબજે કરી આ ત્રણેય શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં ડીસીપી ઝોન ૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલા સહિતના સ્ટાફે નટરાજનગર રાજીવ આવાસ યોજનાના કોટરમાં જુદી-જુદી ચલણી નોટ પર જુગાર રમતો ખીમજી ભીખા વાઘેલા, નરેશ વશરામ રાઠોડ, માવજી હકુ જેઠવા સહિત ત્રણની ધરપકડ કરી રોકડા રૂ.૧૩૨૦૦નો મુમાલ કબજે કર્યો છે.

# કાલાવડ રોડ પર ૩ કિલો ગાંજા સાથે ઓડીસાના ત્રણ શખ્સો ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં યુવાધનને બરબાદીના ખપ્પરમાં હોમતા ડ્રગ્સના કાળા કારોબાર ચલાવતા નશા સોદાગરોને ઝડપી જેલ ભેગા કરવાની શહેર પોલીસ કમિશ્નર ભાર્ગવે શરૂ કરેલ ઝુંબેશના પગલે એસઓજી બ્રાંચના પીઆઈ ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમે કાલાવડ રોડ વેડીંગ પાર્ટી પ્લોટ પાછળ એક ઓરડીમાં દરોડો પાડી ૩ કિલો ૭૦૭ ગ્રામ ગાંજાના જથ્થા સાથે ત્રિપુટીને ઝડપી પાડી હતી. પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ ક્રાઈમ બ્રાંચના ડીસીપી પાર્થરાજસિંહ ગોહીલની સુચના અને એસીપી બી.બી.બસીયાની રાહબરીમાં એસઓજી બ્રાંચના પીઆઈ જે.ડી.ઝાલાના માર્ગદર્શન હેઠળ એસઓજી બ્રાંચની ટીમને મળેલ હકીકતના આધારે કાલાવડ રોડ પર એક ઓરડીમાં દરોડો પાડી જુધિષ્ઠિર ધુમડુ રાણા (ઉ.૩૩), માધબ બડીયાધર કુનરા (ઉ.૨૪), અમીત નરેન્દ્રભાઈ સાગર (ઉ.૨૫) (રહે.ત્રણેય મુ.ઓરીસ્સા)વાળાને ૩.૭૦૭ કિલોગ્રામ ગાંજાનો જથ્થો કિં.રૂા.૩૭૦૭૦/-, મોબાઈલ નં.૩ મળી કુલ રૂા.૫૨૦૭૦/-ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. ઝડપાયેલા શખસોની પુછપરછમાં આ ગાંજાનો જથ્થો જુધિષ્ઠિર ઓરીસ્સાથી ટ્રેન મારફત રાજકોટ લાવતો હતો અને અમીત મીડિયેટર તરીકે તેમજ માધબ આ ગાંજાના જથ્થાનું વહેંચાણ કરતો હોવાની અને આ ત્રીજી ખેપ મારતા પોલીસની ઝપટે ચડી ગયાની કબુલાત આપી હતી.

# 'નો ડ્રગ્સ કેમ્પેઈન' અંતર્ગત રેસકોર્ષ પર માનવસાંકળ રચી રેલીનું કરાયું આયોજન






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ તથા અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી તથા નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ અને સ્પે.બ્રાન્ચ ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ ભરત બી બસીયા દ્વારા નશામુકત ભારત અભિયાન હેઠળ રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા NO DRUGS CAMPINGN મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા ઇસમો વિશે માહીતી મળી શકે તે માટે રાજકોટ શહેરની જનતા તથા રાજકોટ શહેર પોલીસ સાથે મળીને આ ડ્રગ્સના દુષણને ડામી શકે તે માટે રાજકોટ શહેર પોલીસ તથા રાજકોટ ઈન્વીસીબલ એન.જી.ઓ. દ્વારા રાજકોટ શહેરની શાળા/કોલેજોના તથા રાજકોટ બાઇકર્સ ગૃપના સહકારથી રાજકોટ શહેરની અલગ અલગ સ્કુલ તથા કોલેજાના અંદાજે ૧૫૦૦ જેટલા વિધાર્થીઓના સહયોગથી જીલ્લા પંચાયત ચોકથી પોલીસ હેડ ક્વાર્ટર રાજકોટ શહેર સુધી એક વિશાળ માનળ સાકળ બનાવી રેલીનુ આયોજન કરવામાં આવેલ જેમા રાજકોટ શહેરની યુવા પેઢીને ડ્રગ્સ ના સેવનના કારણે થતુ આર્થીક,સામાજીક,શારીરિક તેમજ દેશને થતા નુકશાન અંગે જાગૃતી આપવામા આવેલ હતી

આ કાર્યક્રમમાં સ્કુલ કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહી આ રેલીને સફળ બનાવેલ છે. જેમાં) રાજકોટ શહેર ઈન્વીન્સીબલ એન.જી.ઓ, આત્મીય કોલેજ, કણસાગરા કોલેજ, સંત જ્ઞાનેશ્વર સ્કુલ, પ્રગતિ સ્કુલ, યુનીવર્સલ સ્કુલ, આર્યા સ્કુલ, રેવર સ્કુલ, ઇક્ષા સ્કુલ, નુરાનીયા ઇંગ્લીશ સ્કુલ.

# કુવાડવા ગામે પતંગ ચગાવવા બાબતે માતા પુત્ર પર પાડોસીઓનો હુમલો

## મોરબી રોડ પર રતનપર પાસે બાઈક સ્લીપ થઈ જતા પરપ્રાંતીય યુવાનનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

કુવાડવા ગામે પતંગ ચગાવતી વેળાએ અગાસી પર ગાળો બોલવાની ના પાડતા ઝગડો થતા પાડોસીઓએ માતા પુત્ર પર હુમલો કરી મારમારતા કુવાડવા રોડ પર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની માહિતિ મુજબ કુવાડવા ગામે હરિઓમ ચોક પાસે રહેતો ભાવેશ રતિલાલ ગોહેલ નામના યુવાને કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે પાડોસમાં રહેતો દશરથ નાથા લઢેર, નીતીન નાથા, પાયલ નીતીન, ઉમેશ નાથા, મંજૂલા નાથા, નાથા વાલા સહિતના શખ્સોએ અગાસી પર પતંગ ચગાવતી વખતે ખરાબ ગાળો બોલતા હોય જેથી તેની માતા સમજાવવા જાતા ઉપરોક્ત શખ્સોએ ઝગડો લાકડી ધોકા અને છુટા પથ્થરના ઘા ઝીંકી મારમારતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે હેડ કોન્સ્ટેબલ એમ.એલ.ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જયારે એક અન્ય બનાવમાં ગૌવરીદર ગામે રહેતો અને શૈલેષભાઈ અજાણી વાડીએ મજૂરી કામ કરતો જગુ ઉર્ફે ભાગ્યો રૂમાલ, વાસકેલા નામના યુવાને કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેનો ભાઈ સુવરસિંહ પોતાનું બાઈક નંબર જીજે૩૬એમ૭૪૨ નંબરનું લઈ મોરબી રોડ પર જતો હતો ત્યારે રતનપર પાસે પહોંચતા બાઈક સ્લીપ થઈ જતા ગંભીર ઈજા થઈ જતા તેનું સારવારમાં મોત નિપજ્યું હતું. બનાવના પગલે પીએસઆઈ જે.ડી.વસાવાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ભાડલાના મદાવા ગામ પાસે અજાણ્યા વાહનને ઠોકરે મહિલાનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

ભાડલાના મદાવા ગામની સીમમાં રહેતા અને ખેતી કામ કરતા કારૂભાઈ ધીરૂભાઈ જતાપરા નામના યુવાને ભાડલા પોલીસમાં અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તેના માતા જયાબેન મદાવા ગામના બસસ્ટેશન પાસે ચાલીને પોતાની વાડીએ જતા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે તેને ઠોકરે ચડાવતા શરીરે ગંભીર ઈજા કરી તેનું મોત નિપજાવી વાહન ચાલક નાસી ગયો હોય બનાવના પગલે ભાડલા પોલીસે પીએસઆઈ આર.એસ.સાકરીયાએ ગેનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## શાપર-વેરાવળના બુધ્ધનગરમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપરવેરાવળમાં આવેલ વિકાસ સ્ટવ રોડ પર આવેલા બુધ્ધનગરમાં મામાદેવના મંદિર પાસે જાહેરમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની હકીક્ત મળતા હેડ કોન્સ્ટેબલ ટી.એ.જાડેજા કોન્સ્ટેબલ પીયુસભાઈ અઘેરા સહિતના સ્ટાફે ઉપરોક્ત દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતો મનોજ દદુ ખુમાણ, અનિલ માધા ડોડિયા, વિજય જીતેન બામણીયા, રવિ દેવચંદ લકુમ, શક્તિ મનોજ માંગરોળીયા, રાહુલ સંજય પરમાર સહિતના છ શખ્સોને દબોચી લઈ જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૧૦૨૦૦નો મુમાલ કબજે કર્યો હતો.

# શીવાજીનગરમાં જુગાર રમતા ત્રણ ઝડપાયાઃરૂ.૮૦ હજારનો મુદ્દામાલ કબજે

## સોની બજારમાં વેપારીની નજર ચુકવી મહિલા ૧.૨૦ લાખની સોનાની બુટી લઈ ફરાર

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાઠે દૂધસાગર રોડ પર આવેલા શીવાજીનગરમાં ચાલતી જુગાર ક્લબ પર થોરાળા પોલીસે દરોડો પાડી ત્રણ શખ્સોને દબોચી લઈ રૂ.૮૦ હજારનો મુમાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ થોરાળા પોલીસના પીએસઆઈ પી.એમ.રાઠવા તથા હેડ કોન્સ્ટેબલ ધીરૂભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે દુધસાગર રોડ પર આવેલા શીવાજીનગરમાં રહેતો રાજેશ કેશુ સોલંકી નામના શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડતા આ શખ્સ પોતાના આર્થિક ફાયદા માટે બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગરાનો અખાડો ચલાવતો હોય પોલીસે રેડ દરમિયાન જુગાર રમતો રાજેશ સોલંકી, સંજય ઉર્ફે મામુ ભુખુ ઢાપા તથા સાગર ભરત બારીયા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી જુગારના પટ માંથી રોકડા રૂ.૨૩૫૮૦ તથા ચાર મોબાઈલ મળી કુલ રૂ.૮૦ હજારનો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે એક અન્ય બનાવનો સોની બજારમાં આવેલી બોઘાણી શેરીમાં યોગી ચેમ્બરમાં સોનાની દુકાન ધરાવતા મહેશભાઈ વિરેનભાઈ ત્રામધર નામના વેપારીએ એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, શાંતુ નામની મહિલા એ તેની દુકાનમાં નજર ચુકવી રૂ.૧.૨૦ લાખની સોનાની બુટીની ચોરી કરી ફરાર થઈ જતા પીએસઆઈ જી.એન.વાઘેલાએ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT